1. બે સંખ્યાઓનો સરવાળો 216 છે તથા તેમનો ગુ. સા. અ. 27 છે તો તે સંખ્યાઓ શોધો.
(A) 81, 189
(B) 27, 189
(C) 106, 110
(D) 27, 154

2. નીચે પૈકી કયું વિધાન સાચું છે ?
(A) અગ્નિકૃત ખડકોમાં જીવાવશેષ કદી જોવા મળતાં નથી.
(B) જ્વાળામુખીનાં પ્રસ્ફુટન વખતે નીકળતો મેગ્મા જયારે ભૂ-સપાટી ઉપર ઠરે છે ત્યારે તેમાંથી રચાતા ખડકોને આંતરિક અગ્નિકૃત ખડકો કહે છે.
(C) ગ્રેનાઈટએ મધ્યસ્થ આંતરિક અગ્નિકૃત ખડકનું ઉદાહરણ છે.
(D) આપેલ તમામ

3. કેટલીક જગ્યાએ ગરમ ભેજવાળી હવા ઠંડી સપાટી પરથી પસાર થતાં અથવા ઠંડી હવા સાથે ભળતાં ગરમ ભેજવાળી હવાનું તાપમાન નીચું જાય છે અને તે વધારાના ભેજનું ધુમ્મસ થાય છે. આ રીતે બનતા ધુમ્મસને શું કહેવાય ?
(A) અપસ્લોપ ધુમ્મસ
(B) વાતાગ્ર ધુમ્મસ
(C) આરોહણ ધુમ્મસ
(D) ધ્રુમ ધુમ્મસ

4. ગુજરાત બજેટ 2022-23 માં કયા જીલ્લામાં આયુર્વેદ કોલેજ શરુ કરવાની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) સુરેન્દ્રનગર
(B) જૂનાગઢ
(C) ગાંધીનગર
(D) જામનગર

5. ભૂમિખંડની નજીકના કાંધી જેવાં ધીમા ઢાળવાળા, સપાટ અને પહોળા સમુદ્રતલના છીછરા ભાગને શું કહે છે ?
(A) ખંડીય ઢાળ
(B) ખંડીય છાજલી
(C) સમુદ્ર ખાઈ
(D) ગહન સમુદ્ર મેદાન

6. નીચેનામાંથી કોણ પ્રાથમિક ઉપભોગી છે ?
(A) માંસાહારી
(B) પ્રકાશસંશ્લેષકો
(C) મૃતોપજીવી
(D) તૃણાહારી

7. તાજેતરમાં ગ્લોબલ એન્વાયર્નમેન્ટ એન્ડ ક્લાઈમેટ એક્શન સિટીઝન એવોર્ડ કોને આપવામાં આવ્યો હતો ?
(A) વિરલ દેસાઈ
(B) પંકજ દેસાઈ
(C) વિમલ દેસાઈ
(D) વિશાલ દેસાઈ

8. કોણાર્કના સૂર્ય મંદિરનું નિર્માણ કયા રાજાએ કરાવ્યું હતું ?
(A) વિક્રમાદિત્ય પ્રથમ
(B) નરસિંહદેવ પ્રથમ
(C) પુલકેશી પ્રથમ
(D) કીર્તિવર્મન પ્રથમ

9. વિશ્વમાં સૌથી ઓછું કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન કરનારો દેશ કયો છે ?
(A) નોર્વે
(B) ન્યુઝીલેન્ડ
(C) ભૂટાન
(D) નેપાળ



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

10. કર્કવૃત્ત અને પ્રમાણ સમયરેખા એકબીજાને કયા રાજ્યમાં કાપે છે ?

(A) મધ્યપ્રદેશ
(B) છત્તીસગઢ
(C) મિઝોરમ
(D) ત્રિપુરા

11. ખ્વાજા મહેમૂદ દરિયાઈ દુલ્હાનું પવિત્ર સ્થાનક કયા જીલ્લામાં આવેલું છે ?

(A) સુરેન્દ્રનગર
(B) મહીસાગર
(C) રાજકોટ
(D) ભરૂચ

12. સાચી જોડણી શોધો.

(A) તિતિક્ષા
(B) તીતિક્ષા
(C) તિતીક્ષા
(D) તીતીકસા

13. ટોક્યો ઓલિમ્પિક-2020 માં "ડિસ્ક થ્રો" માં ભારત તરફથી અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર કમલપ્રીત કૌરે કયા ક્રમે પોતાની સફર પૂરી કરી ?

(A) ત્રીજા
(B) ચોથા
(C) પાંચમાં
(D) છઠ્ઠા

14. ગ્રાસલેન્ડ રિસર્ચ સ્ટેશન ક્યાં આવેલું છે ?

(A) ગોધરા
(B) વિરમગામ
(C) અમરેલી
(D) કચ્છ

15. ભારતનું સૌપ્રથમ અનાજ એ.ટી.એમ. ક્યાં શરૂ કરવામાં આવ્યું ?

(A) પંજાબ
(B) હરિયાણા
(C) દિલ્લી
(D) ચંદીગઢ

16. ગુજરાતમાં RTI એક્ટ ક્યારથી અમલમાં આવ્યો ?

(A) 10 માર્ચ, 2009
(B) 10 જાન્યુઆરી, 2010
(C) 22 માર્ચ, 2009
(D) 22 માર્ચ, 2010

17. કોઈપણ વર્ષમાં 53 રવિવાર આવવાની સંભાવના કેટલી ?

(A) 1/7
(B) 2/7
(C) 3/7
(D) (A) અથવા (B)

18. કાર્બનચક્ર અપૂર્ણ રહેવા પર નીચેના પૈકી કયા કયા પ્રભાવો પડે છે ?

(A) પારિતંત્ર સંકટ
(B) તાપમાનમાં વધારો
(C) વર્ષા પર પ્રભાવ
(D) આપેલ તમામ

19. બે અંકની સંખ્યાના અંકોના સરવાળાને ચાર વડે ગુણતાં તે સંખ્યા બને છે. જો તે સંખ્યામાં 27 ઉમેરવામાં આવે તો તે અંકોના સરવાળાની સાત ગણા જેટલી થઈ જાય. તો તે સંખ્યા શોધો.

(A) 32
(B) 24
(C) 36
(D) 20



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

20. ગુજરાત સરકારની ગુજરાત નિરામય યોજનાનો પ્રારંભ ક્યાંથી કરવામાં આવ્યો ?

(A) હિંમતનગર
(B) પાલનપુર
(C) વિસનગર
(D) મહેસાણા

21. ક્યોટો પ્રોટોકોલ વિશે ખરા વિધાનો જણાવો.

I. ક્યોટો પ્રોટોકોલ ગ્રીન હાઉસ ગેસને નિયંત્રિત કરવા માટે અસ્તિત્વમાં આવેલી બંધનકર્તા સમજુતી છે.

II. ભારતે 26 ઓગસ્ટ, 2000 ના રોજ ક્યોટો સમજુતીને માન્યતા આપી છે.

III. ક્યોટો પ્રોટોકોલ ભારતમાં 16 ફેબ્રુઆરી, 2005 થી લાગુ થયો છે.

(A) I અને II
(B) II અને III
(C) I અને III
(D) I, II અને III

22. રાષ્ટ્રીય પ્રાણી આનુવંશિક સંસાધન બ્યુરોનું મુખ્યાલય ક્યાં આવેલું છે ?

(A) લખનૌ
(B) કરનાલ
(C) ચેન્નાઈ
(D) કલકત્તા

23. કોઈ સંખ્યાના 37.5% એ 450 આવે છે અને તે જ સંખ્યાના 87.5% કેટલાં થાય ?

(A) 825
(B) 1050
(C) 1175
(D) 1250

24. પાનમાં નાખવામાં આવતો કાથો કયા વૃક્ષમાંથી તૈયાર થાય છે ?

(A) આમળાં
(B) પીંપળ
(C) ખેર
(D) વડ

25. ગુજરાત રાજ્યનાં વન અને પર્યાવરણ વિભાગ દ્વારા વન્ય પ્રાણીઓનાં હુમલાથી ગાય / ભેંસના મૃત્યુનાં કિસ્સામાં પ્રત્યેક પશુ દીઠ પહેલાં રૂા. 30,000/- ની સહાય અપાતી હતી. તે વધારીને કેટલી કરવામાં આવી છે ?

(A) રૂા. 32,000/-
(B) રૂા. 35,000/-
(C) રૂા. 40,000/-
(D) રૂા. 50,000/-

26. નીચે આપેલ સંખ્યાઓ ચોક્કસ સંબંધ ધરાવે છે. કોઈ એક અલગ પડતી સંખ્યા શોધો.

(A) 6862
(B) 3973
(C) 5782
(D) 9842

27. તાજેતરમાં વઢવાણા તળાવને રામસર સાઈટનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ વઢવાણા તળાવનું નિર્માણ કોણે કરાવ્યું હતું ?

(A) મલ્હાર ગાયકવાડ
(B) સયાજીરાવ ગાયકવાડ-2
(C) સયાજીરાવ ગાયકવાડ-3
(D) ખંડેરાવ ગાયકવાડ



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

28. યોગ્ય વિકલ્પ પસંદ કરો :

| ક્રાંતિ | ક્ષેત્ર |
|---|---|
| a. ગોળ ક્રાંતિ | I. ફળ (બાગાયત) ઉત્પાદન |
| b. સ્વર્ણ ક્રાંતિ | II. મત્સ્ય ઉત્પાદન |
| c. ઈન્દ્રધનુષ ક્રાંતિ | III. ખાદ્યાન્ન ઉત્પાદન |
| d. હરિત ક્રાંતિ | IV. કૃષિ સંબંધિત સમસ્ત ક્રાંતિ |
| | V. બટેટા ઉત્પાદન |

(A) a - V, b - I, c - IV, d - III
(B) a - V, b - I, c - III, d - IV
(C) a - V, b - IV, c - II, d - I
(D) a - V, b - IV, c - I, d - III

29. ભારતમાં સૌથી ઓછા પ્રવાલદ્વીપ કયા ક્ષેત્રમાં આવેલા છે ?
(A) આંદામાન નિકોબાર દ્વીપ સમૂહ
(B) મન્નારની ખાડી
(C) લક્ષદ્વીપ
(D) કચ્છનો અખાત

30. નીચે પૈકી કયું વિધાન સાચું છે ?
(A) સમુદ્રજળની સ્નિગ્ધતા તેના ઉષ્ણતામાન સાથે સીધા પ્રમાણમાં બદલતી રહે છે.
(B) સમુદ્રજળની ઘનતા ક્ષારતાની સાથે ઘટે છે.
(C) શુદ્ધ પાણી કરતાં સમુદ્રજળની વીજવાહકતા વધારે છે.
(D) આપેલ પૈકી એકપણ નહિ.

31. નીચે પૈકી કયો મૈંગ્રોવ વનસ્પતિનો પ્રકાર નથી ?
(A) લાલ મૈંગ્રોવ
(B) કાળી મૈંગ્રોવ
(C) આસમાની મૈંગ્રોવ
(D) સફેદ મૈંગ્રોવ

32. "વાંસદા નેશનલ પાર્ક" કયા જીલ્લામાં આવેલું છે ?
(A) તાપી
(B) વલસાડ
(C) ડાંગ
(D) નવસારી

33. નીચે પૈકી કયા કપ / ટ્રોફી હોકીની રમત સાથે સંકળાયેલ નથી ?
(A) સિંધિયા ગોલ્ડ કપ
(B) નેહરુ ટ્રોફી
(C) બાઈટન કપ
(D) દેવધર ટ્રોફી

34. કયા વર્ષમાં રશિયાનું ચર્નોબિલ અણુ રીએક્ટર ભયંકર ધડાકા સાથે ફાટ્યું હતું ?
(A) 1984
(B) 1986
(C) 1990
(D) 2003



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

35. આઝાદી કા અમૃત મહોત્વ (India @75) નું ઉદઘાટન ક્યારે કરવામાં આવ્યું ?

(A) 12 માર્ચ, 2021
(B) 26 જાન્યુઆરી, 2021
(C) 15 ઓગસ્ટ, 2021
(D) 26 જાન્યુઆરી, 2022

36. નીચે પૈકી કયા ભારતનાં પર્યાવરણીય પ્રશ્નો ગણાવી શકાય ?

I. જંગલોનો સતત વિનાશ

II. ભોપાલ ગેસ દુર્ઘટના જેવી ગેસ ગળતરની સમસ્યાઓ

III. વિશાળ બંધો અને સિંચાઈ યોજનાઓ

IV. અણુ મથકોનો વિકાસ

(A) I અને II
(B) I અને IV
(C) I, II અને IV
(D) I, II, III અને IV

37. ઓગસ્ટ 2021 દરમ્યાન ગુજરાતમાં કેટલામાં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી છે ?

(A) 70મા
(B) 71મા
(C) 72મા
(D) 73મા

38. નીચે પૈકી કયા વિધાનો "Green Peace" સંસ્થા માટે સાચાં છે ?

I. Green Peace સંસ્થાની સ્થાપના વર્ષ 1992 માં થઈ.

II. Green Peace સંસ્થાનું પાયાનું સૂત્ર "બ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટી" છે.

III. Green Peace સંસ્થાનાં સ્વયં સેવકોને "ગ્રેટ આર્મી" કહેવામાં આવે છે.

IV. Green Peace સંસ્થા સ્વતંત્ર અને બિનરાજકીય આંતરરાષ્ટ્રીય સ્તરે વિકસેલી સંસ્થા છે.

(A) I અને III
(B) II અને III
(C) II અને IV
(D) I અને IV

39. પર્યાવરણ પ્રેમી અને જંગલવિદ તરીકે જાણીતા એડવર્ડ જેમ્સ કોર્બેટની યાદમાં કયા પાર્કનું નામ બદલીને "જિમ કોર્બેટ નેશનલ પાર્ક" રાખવામાં આવ્યું હતું ?

(A) હેલી નેશનલ પાર્ક
(B) સહેલી નેચરલ પાર્ક
(C) હેમિશ નેશનલ પાર્ક
(D) બાંધવગઢ નેશનલ પાર્ક

40. નીચે પૈકી કઈ સંખ્યાને 11 વડે ભાગતાં શેષ શૂન્ય મળે ?

(A) 2345877
(B) 9875817
(C) 6782930
(D) 5678231

41. તાજેતરમાં RBI એ નાણાંકીય સમાવેશની હદનું મૂલ્યાંકન કરવા માટે "FI-Index" ની શરૂઆત કરી છે. આ FI-Index નું પૂરું નામ જણાવો.

(A) Future Inclusion Index
(B) Future India Index
(C) Financial Inclusion Index
(D) Financial India Index



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

42. 2 વર્ષ પહેલાં માતા-પિતા અને પુત્રની ઉંમરનો સરવાળો 36 વર્ષ હતી. 2 વર્ષ પછી તેમની ઉંમરનો સરવાળો .......... વર્ષ થશે.

(A) 42
(B) 48
(C) 40
(D) 44

43. સ્મોગ કેવી રીતે બને છે ?

(A) કોલસાનાં વધુ પડતાં વપરાશને લીધે
(B) ધુમ્રકણો ઉપર પાણી જામવાથી
(C) વાયુ પ્રદુષણમાં કાર્બન મોનોક્સાઈડ ભળવાથી
(D) નાઈટ્રોજન ઓક્સાઈડ અને પેરોક્ષીલેટેસીલનાં મિશ્રણથી

44. નીચે પૈકી કયા પ્રદેશમાં લોકો લાકડાં કાપવાનો વ્યવસાય કરે છે ?

(A) ટુંડ્ર
(B) શંકુદ્રુમ
(C) પ્રેરીઝ
(D) સમશીતોષ્ણ

45. ગુજરાતનાં કયા જીલ્લામાં એકપણ અભયારણ્ય આવેલ નથી ?

(A) મોરબી
(B) સાબરકાંઠા
(C) ખેડા
(D) આપેલ તમામ

46. તેજોદગાર પદાર્થોનાં આધારે ખડકોની ઉંમર નક્કી કરવાના પ્રયોગો નીચે પૈકી કોણે રજુ કર્યા ?

(A) પિરી ડાલ્તન
(B) જ્યોર્જ ઓલ્વિન
(C) રુધર ફોર્ડ
(D) જસ્ટિન કેવેલરી

47. તાજા પાણીનાં પ્રાણીઓ તથા વનસ્પતિના અભ્યાસને શું કહેવાય છે ?

(A) કોન્કોલોજી
(B) ઈથોલોજી
(C) લીમનોલોજી
(D) એન્ટોમોલોજી

48. ડાંગરની નીચે પૈકી કઈ મુખ્ય પેદાશ છે ?

(A) કુશકી તેલ
(B) કાગળ
(C) શેમ્પુ
(D) ચોખા

49. શાળામાં વાર્ષિક ઉત્સવમાં કુલ 1260 વિદ્યાર્થીઓ હાજર હતા. જે કુલ સંખ્યાનાં 70% છે. શાળામાં છોકરા અને છોકરીઓની સંખ્યાનું પ્રમાણ 2:1 છે તો કુલ છોકરાઓની સંખ્યા શોધો.

(A) 588
(B) 882
(C) 1200
(D) 1092

50. દેશનાં પ્રથમ ઈ-વેસ્ટ ઈકો-પાર્કની સ્થાપના કયા રાજ્યમાં કરવાની ઘોષણા કરવામાં આવી છે ?

(A) બેંગલુરુ
(B) પૂના
(C) મુંબઈ
(D) દિલ્લી



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

51. આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસનો નિર્ણય કયા સંમેલનમાં લેવામાં આવ્યો હતો ?

(A) પેરિસ સંમેલન
(B) નૈરોબી સંમેલન
(C) સ્ટોકહોમ સંમેલન
(D) રિયો ડી જાનેરો સંમેલન

52. IPCC નું પૂરુંનામ જણાવો.

(A) International Panel on Climate Change
(B) International Party on Climate Change
(C) Intergovernmental Panel on Climate Change
(D) Intergovernmental Party on Climate Change

53. નીચે પૈકી કયું જુવાર માટે સાચું છે ?

I. જુવાર ઉનાળા અને શિયાળા એમ બંને ઋતુમાં લેવાય છે.
II. જુવારનાં પાકને બાજરી કરતાં ઓછા પાણીની જરૂર પડે છે.
III. ધાન્ય પાકોમાં વાવેતરનાં વિસ્તારની દષ્ટીએ જુવાર ત્રીજા નંબરે આવે છે.

(A) I અને II
(B) માત્ર I
(C) I અને III
(D) માત્ર II

54. નીચેના વિધાનો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

I. જુનાગઢની જંગલ વિસ્તારની સેન્દ્રિય તત્વ ધરાવતી જમીનમાં ચૂનાનું તત્વ ઓછું છે.
II. ડાંગની જંગલ વિસ્તારની સેન્દ્રિય તત્વ ધરાવતી જમીનમાં ચૂનાનું તત્વ વધુ છે.

(A) માત્ર I સાચું છે.
(B) માત્ર II સાચું છે.
(C) I અને II બંને સાચા છે.
(D) I અને II બંને ખોટા છે.

55. અવ્યયીભાવ સમાસનું ઉદાહરણ આપો.

(A) પરોક્ષ
(B) ગણવેશ
(C) ભયંકર
(D) ત્રિભુવન

56. ESZ નું પૂરુંનામ આપો.

(A) Eco Sense Zone
(B) Environment Sensitive Zone
(C) Eco Sensitive Zone
(D) Environment Sense Zone

57. નીચે પૈકી કયા પ્રકારનાં પ્રાણીઓમાં કરોડરજ્જુ હોતી નથી ?

(A) મેરુદંડી
(B) ઉભયચર
(C) સરિસૃપ
(D) અમેરુદંડી

58. ભારતની પહેલી વનનીતિ કયા વર્ષમાં બનાવવામાં આવી હતી ?

(A) 1920
(B) 1952
(C) 1980
(D) 1988



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

6+8+1+9+4 = 28 +8 = 36

59. 681*94 ને 3 વડે ભાગી શકાય તો * ની કિંમત શોધો.

(A) 2
(B) 8
(C) (A) અને (B) બંને
(D) આપેલ પૈકી એકપણ નહિ

60. ગુજરાતનાં ખજુરાહો તરીકે જાણીતું મંદિર એટલે ?

(A) ધોળેશ્વર મહાદેવ
(B) ભીમનાથ મહાદેવ
(C) બાવકા શિવતીર્થ
(D) આપેલ પૈકી એકપણ નહિ

61. લાકડાં આધારિત ઉદ્યોગો માટે નીચે પૈકી કયું સાચું છે ?

(A) આયાતી લાકડા આધારિત ઉદ્યોગોને લાઈસન્સ (પરવાનો) મેળવવા માંથી મુક્તિ આપવામાં આવી છે.
(B) દેશી લાકડા આધારિત ઉદ્યોગોને લાઈસન્સ (પરવાનો) મેળવવા માંથી મુક્તિ આપવામાં આવી છે.
(C) તમામ પ્રકારના લાકડા આધારિત ઉદ્યોગોને સપ્ટેમ્બર, 2018 થી લાઈસન્સ (પરવાનો) મેળવવામાંથી મુક્તિ આપવામાં આવી છે.
(D) આપેલ પૈકી એકપણ નહિ

62. પરોપજીવી વનસ્પતિ ......... છે.

(A) ગળો
(B) હંસરાજ
(C) અડુની વેલ
(D) અમર વેલ

63. જળ પ્રદુષણને મુખ્યત્વે કેટલાં ભાગમાં વહેંચી શકાય ?

(A) 2
(B) 3
(C) 4
(D) 5

64. નીચે પૈકી કયું ધતૂરા માટે સાચું છે ?

(A) દવાનાં ઉપયોગમાં સફેદ ધતૂરો જ વપરાય છે.
(B) કાળો ધતૂરો ઝેરી હોતો નથી.
(C) બાહ્ય ઉપચારમાં સોજો ઉતારવા માટે કાળા ધતૂરાનો ઉપયોગ થાય છે.
(D) આપેલ તમામ

15+8 = 23

65. લાકડા વહેરવાની સરકારી મિલ ક્યાં આવેલી છે ?

(A) વઘઈ
(B) સોનગઢ
(C) જૂનાગઢ
(D) આપેલ તમામ

66. શ્રેણી પૂર્ણ કરો : 3, 5, 5, 15, 9, 60, 15, 300, ........

(A) 25
(B) 20
(C) 23
(D) 30

67. ટોપલા, ટોપલી, કાગળ અને રેયોન કયા લાકડામાંથી બનાવાય છે ?

(A) દેવધર
(B) શણ
(C) લીમડા
(D) વાંસ


Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

68. કઈ આયુર્વેદિક ઔષધિને માતાતુલ્ય હિતકારી ગણવામાં આવી છે ?

(A) આમળા (B) બહેડાં

(C) હરડે (D) ગળો

69. Plumeria (પ્લુંમેરિયા) કોનું વનસ્પતિશાસ્ત્રિય નામ છે ?

(A) આંબલી (B) વડ

(C) શણ (D) ચંપા

70. વન વિભાગની લોક કલ્યાણ યોજના હેઠળ છાત્રાલયોને બળતણના લાકડા કેટલા ટકા રાહતનાં દરે આપવામાં આવે છે ?

(A) 20% (B) 25%

(C) 50% (D) આપેલ પૈકી એકપણ નહિ

71. વન વિભાગની લોક કલ્યાણ યોજના હેઠળ ધીમી ગતિથી વધતા વૃક્ષોના વાવેતરમાં પ્રથમ વર્ષે યુનિટ દીઠ કેટલી સહાય આપવામાં આવે છે ?

(A) રૂા. 2,500 (B) રૂા. 4,000

(C) રૂા. 4,600 (D) રૂા. 5,600

72. જમીન તેનાં ઉદ્ભવસ્થાનથી સ્થળાંતર થઈને અન્યત્ર પથરાય તેવા સંજોગોમાં તેના ઘસારાનાં પરિબળો નીચે પૈકી કયા હોઈ શકે ?

(A) નદી (B) હિમનદી

(C) પવન (D) આપેલ તમામ

73. ગુજરાત રાજ્યનાં વન અને પર્યાવરણ મંત્રી કોણ છે ?

(A) શ્રી કિરીટસિંહ રાણા (B) શ્રી અરુણકુમાર સોલંકી

(C) શ્રી ગણપતસિંહ વસાવા (D) ડૉ. કુબેરસિંહ ડિંડોર

74. વનસ્પતિમાં પર્ણોમાંથી અન્ય ભાગો તરફ પ્રકાશસંશ્લેષણની નીપજોનું વહન કોના દ્વારા થાય છે ?

(A) જલવાહક પેશીઓ (B) અન્નવાહક પેશીઓ

(C) (A) અને (B) બંને (D) તમામ જીવંત પેશીઓ

75. નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

I. વિષુવવૃત્તની આસપાસ આશરે 10° અને 20° અક્ષાંશો વચ્ચેના પટામાં સૌથી વધુ વરસાદ પડે છે.

II. વિષુવવૃત્તથી ધ્રુવો તરફ જતાં બંને ગોળાર્ધમાં વરસાદનું પ્રમાણ વધતું જાય છે.

(A) માત્ર I સાચું છે. (B) માત્ર II સાચું છે.

(C) I અને II બંને સાચા છે. (D) I અને II બંને ખોટા છે.

76. ગુજરાતમાં સૌથી વધુ કૂવા કયા જિલ્લામાં આવેલા છે ?

(A) જૂનાગઢ (B) મહેસાણા

(C) સુરેન્દ્રનગર (D) સુરત



Downloaded from www.marugujarat.in

For more question papers, Visit our website www.marugujarat.in

77. કાર્બનનું ઉત્સર્જન જે ગતિએ ચાલુ છે તે જ ગતિ યથાવત રહે તો વર્ષ 2050 સુધીમાં વિશ્વનું સરેરાશ તાપમાન કેટલું વધી શકે ?

(A) 0.5° સે.
(B) 1° સે.
(C) 2.0° સે.
(D) 3.0° સે.

78. ઈકો સિસ્ટમ શબ્દનો સૌપ્રથમ પ્રયોગ કોણે કર્યો હતો ?

(A) રોબર્ટ હૂક
(B) ક્રિસ્ટી જ્યોર્જ
(C) અર્નેસ્ટ હેકલ
(D) આર્થર જ્યોર્જ ટાન્સલી

79. ભારતનો તરતો નેશનલ પાર્ક કયો છે ?

(A) સિરોહી
(B) ગુગામલ
(C) પેરિયાર
(D) કેઈબુલ લામજાઓ

80. સમગ્ર સજીવો તથા ભૌતિક પર્યાવરણ વચ્ચેના આંતર સંબંધોનો અભ્યાસ કરવામાં આવે તો તેને કયું વિજ્ઞાન કહેવાય ?

(A) જીવ
(B) વનસ્પતિ
(C) પારિસ્થિતિક
(D) ભૂજૈવ

81. IRDAI નાં છેલ્લાં ચેરમેન કોણ હતા ?

(A) સુભાષ ચંદ્ર ખુંટીયા
(B) ટી. એસ. વિજયન
(C) અજય ત્યાગી
(D) હરિ નારાયણ

82. છેલ્લાં અંદાજ મુજબ, દેશનાં જંગલ વિસ્તારનું કુલ ક્ષેત્ર ભૌગોલિક ક્ષેત્રનાં અંદાજિત કેટલાં ટકા છે ?

(A) ~ 22%
(B) ~ 14%
(C) ~ 30%
(D) ~ 8%

83. કયા દિવસને ઈન્ટરનેશનલ ટાઈગર ડે તરીકે ઉજવવામાં આવે છે ?

(A) 23 જુલાઈ
(B) 10 ઓગસ્ટ
(C) 27 જુલાઈ
(D) 29 જુલાઈ

84. બાગાયત સહાયલક્ષી યોજનામાં વધુમાં વધુ કેટલી રકમની સહાય મળવાપાત્ર છે ?

(A) રૂા. 5,000/-
(B) રૂા. 10,000/-
(C) રૂા. 2,500/-
(D) રૂા. 25,000/-

85. વ્યતિરેક અલંકારનું ઉદાહરણ આપો.

(A) છકડો રોકેટની જેમ ઉડે છે
(B) કાશ્મીર સ્વર્ગ કરતાં સુંદર છે
(C) સડક પડખું ફરીને સૂઈ ગઈ છે
(D) આપેલ પૈકી એકપણ નહિ

86. વનોને કાપવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકનારો વિશ્વનો પ્રથમ દેશ કયો છે ?

(A) નોર્વે
(B) ભૂતાન
(C) ઈજિપ્ત
(D) ડેન્માર્ક



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

87. ગુજરાતી સાહિત્યમાં જાણીતા એવાં કોનું ઉપનામ "ઘાયલ" છે ?

(A) અમૃતલાલ ભટ્ટ
(B) અમૃતલાલ પઢિયાર
(C) અમૃતલાલ યાજ્ઞિક
(D) અમૃતલાલ વેગડા

88. 10 રૂપિયાના સિક્કાની કુલ સપાટીનું ક્ષેત્રફળ શોધવા કયા સૂત્રનો ઉપયોગ થાય ?

(A) $2\pi rh$
(B) $2\pi r^2h$
(C) $2\pi r(r + h)$
(D) $\pi r(r + h)$

89. રૂઢિપ્રયોગનો અર્થ આપો. – દાણો ચાંપી જોવો.

(A) મદદ માંગવી
(B) પાણી ઓછું હોવું
(C) દાણો પોચો થયો કે નહિ તે ચકાસવું
(D) પ્રયત્ન કરી જોવો

90. નીચે આપેલ વાક્યમાંથી રેખાંકિત ક્રિયાવિશેષણ નો પ્રકાર જણાવો.

અનિતાએ <u>ધડામ દઈને</u> બારણું બંધ કર્યું.

(A) સ્થળવાચક
(B) અભિગમવાચક
(C) હેતુવાચક
(D) રીતવાચક

91. નીચેનામાંથી કયું ઉપપદ સમાસનું ઉદાહરણ નથી ?

(A) ગંગાધર
(B) સરોજ
(C) આગબોટ
(D) તટસ્થ

92. નીચે આપેલ કહેવતનો સાચો અર્થ પસંદ કરો.

'અન્ન આહારે ને ઘી વ્યવહારે.'

(A) જેવું કાર્ય તેવું પરિણામ
(B) બંને બાજુથી પતન થવું
(C) દરેક વસ્તુ પ્રમાણસર શોભે
(D) આફત કે જોખમમાં બીજાને ધકેલી દેવું

93. બારમાસીનો ઔષધિય ઉપયોગ નીચે પૈકી કયો છે ?

(A) બારમાસીનાં ફૂલવાળી ચા પીવાથી બ્લડ પ્રેસર બેચેની તરત જ દુર થાય છે.
(B) વીંછી કરડયા પર ફૂલની લુગદી લગાડવાથી રાહત આપે છે.
(C) ચામડીનાં રોગો માટેની અક્સીર દવા છે.
(D) આપેલ પૈકી એકપણ નહિ

94. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) સતી બેભાન શય્યામાં ગંધથી જ પડી ગઈ, સૂતો જ્યોતિષી પ્યાલીને છાતી સાથે જડી દઈ. – અનુષ્ટુપ છંદ
(B) ખાટી છાશે ભીંજાવી ગગરી કળશિયા માંજી સોને મઢી દે. – સ્ત્રગ્ધરા છંદ
(C) (A) અને (B) બંને
(D) આપેલ પૈકી એકપણ નહિ



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

95. સોનેટ બાબતે નીચેના માંથી કયા વિધાનો સુસંગત છે ?

I. સોનેટ સાહિત્ય પ્રકારનો ઉદ્ભવ ઈટાલીમાં થયો છે.

II. સોનેટ સૌપ્રથમ ગુજરાતીમાં લખવાની શરૂઆત કરનાર બ.ક. ઠાકોર છે.

III. શેક્સપિયરિયન સોનેટ – ચાર પંક્તિનાં ત્રણ વિભાગો અને છેલ્લે બે પંક્તિમાં અંત આવે.

IV. 'છેલ્લું દર્શન' સોનેટ કાવ્ય સંગ્રહ ચંદ્રવદન મહેતાએ આપ્યો.

(A) I, II, III, IV
(B) I, III, IV
(C) I, II, IV
(D) I, II, III

96. કઈ બે આધુનિક ટૂંકી વાર્તાઓ છે ?

I. અતિગમન

II. સળિયા

III. લોહી તરસ્યો

IV. આ ઘેર પેલે ઘેર

(A) II અને III
(B) I અને III
(C) III અને IV
(D) I અને IV

97. 'બેઠી ખાટે ફરી વળી બધે મેડીએ ઓરડામાં ...' – કાવ્યપંક્તિ કયા સોનેટમાં આવે છે ?

(A) વધામણી
(B) જૂનું પિયર ઘર
(C) વળાવી, બા આવી ...
(D) જૂનું ઘર ખાલી કરતાં

98. નીચેના પૈકી કયુ / કયા અભયારણ્ય ગોવામાં આવેલા છે ?

(A) ડૉ. સલીમ અલી પક્ષી અભયારણ્ય
(B) નેત્રાવલી વન્યજીવ અભયારણ્ય
(C) ભગવાન મહાવીર અભયારણ્ય
(D) આપેલ તમામ

99. નીચે પૈકી કયા શબ્દનો સમાનાર્થી શબ્દ સાચો છે ?

I. કાપડ = દુકૂલ

II. કામદેવ = રતિપતિ

(A) I
(B) II
(C) I અને II બંને
(D) આપેલ પૈકી એકપણ નહિ

100. નીચે પૈકી સૌથી મોટી સંખ્યા કઈ છે ?

(A) 1/4 = 0.25
(B) 2/9 = 0.22222...
(C) 5/20 = 1/4 = 0.25
(D) 6/23 = 0.2608



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in


CLICK
HERE
@marugujarat_in
JOIN OUR
TELEGRAM
CHANNEL
MaruGujarat.in
Gujarat's No. 01
Educational Website
WHATSAPP:(+91)9624666679
WWW.MARUGUJARAT.IN